

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

સરકાર ચૂંટણીમાં, સ્મારકો સાચવે કોણ ?
સત્તાની લાલસામાં સીમાડા, સાચવે કોણ ?
પોતે પ્રવૃત્ત પ્રવાસે, પ્રજાને સાચવે કોણ ?
સોંપો બધું ખાનગી સંસ્થાને, સાચવે કોણ ?

હાઈકુ

સોંપી દો દેશ
ખાનગી એજન્સીને -
ભોગવો સત્તા !

આગ લાગે ત્યાં -
આયોજન વિનાની -
કરો ઝૂંબેશ!

### ચિંતન

**સજ્જન એવ હિ વિદ્યા શૌભયૈ ભવતિ દુર્જને મોઘા ।**
**ન વિદૂર દર્શનતયા કેશ્ચિદુપાદીયતે ગૃહઃ ॥**

ઉપરોક્ત શ્લોક ઈશોપદનિષદમાંથી લેવામાં આવેલ છે.

સજ્જનમાં રહેલી વિદ્યા જ શોભા આપે છે અને દુર્જનમાં તે નિષ્ફળ બને છે. ગીધ પક્ષીમાં દૂર જોવાની વિદ્યા રહેલી છે તો પણ તેને કોઈ પાળતું નથી કારણ કે તે દુર્જન સમાન છે.

સજ્જનમાં રહેલી વિદ્યા જ શોભા છે. તેથી જ તેની કદર થાય છે. માન-સન્માન મળે છે પૂજાય છે.

દા.ત. ગીધમાં રહેલો સદ્ગુણ દૂરથી ઝીણવટ ભરી દ્રષ્ટિ સારું છે પણ તે 'મૃતદેહ' સિવાય જોઈ શકતું નથી એની દ્રષ્ટિમાં ગંદવાડ જોવા ટેવાઈલી છે. તેથી તે 'સદ્ગુણ' કહેવાતી નથી.

### સુવિચાર

- હારવું હોય તો એવી રીતે હારો કે એમાંથી શીખ મેળવી હજારો લોકો જીતી શકે - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસ જયાં સુધી છેતરાય છે, ત્યાં સુધી ભોળો ગણાય છે જેવો તે છેતરાવાની ના પાડે છે ત્યારે તેના અવગુણ પર સંશોધન શરુ થાય છે - **જનકલ્યાણ**
- જિંદગીનો રસ્તો સીધો અને સરળ હતો પણ મનના વળાંકો જ બહુ નડ્યા - **ચંદ્રકાન્ત શેઠ**
- માણસ પોતાના પરિશ્રમ વગરની કમાણીમાંથી જ મળે છે - **ફાધર વર્ગીસ**
- સવાર પડે ને કૂકડો બોલે, સાંજ પડે ને પંખીઓ બોલે, માનવ જ એવો છે જયારે ગરજ પડે ત્યારે જ બોલે - **ઈકબાલ પટેલ**
- શક્ય હોય ત્યાં સુધઈ વર્તનથી મોટું મીઠું કરાવવા રહેવું, કોઈના મોઢામાંથી કડવી વાત નહિ નીકળે - **શાહબુદ્દિન રાઠોડ**
- આજનું ઔષધ : અરડૂસાની છાલ પાણીમાં ચોવીસ કલાક પલાળી રાખી તે પાણી પીવાથી કોલેરા સામે રક્ષણ મળે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

હિમાલયની તળેટીમાં આવેલા ગઢવાલમાં સ્વામી રામતીર્થ રોકાયા હતા. રોજ સવારે તેઓ ચાલવા નીકળતા એક વાર ચાલતા ચાલતા કોઈ ગોરા અમલદારના ઘરની પાછળની જગ્યામાં પ્રવેશી ગયા. ત્યાં રંગબેરંગી એવા ઘણા સુગંધીદાર ફુલો ખીલ્યા હતા.

સ્વામીજી ને જોઈને ગોરા અમલદારે બૂમ પાડી ને કહ્યં, 'આ મારો અંગત બગીચો છે માટે તમે પાછા વળી જાઓ.' રામતીર્થ જવાબમાં કહ્યું, 'અરે સાહેબ, મારે બીજું કશું કામ નથી. અહીંયા જે સરસ ફુલો આપે છે ઉગાડ્યા છે તેમને મારે એક પ્રશ્ન પૂછવો છે.'

ભગવા કપડા જોઈ ગોરા અમલદારે તેમને ફૂલો પાસે જવા દીધા. થોડીવારમાં રામતીર્થ પાછા આવ્યા ત્યારે ગોરા અમલદારે પૂછ્યું, 'મહારાજ, તમે ફૂલોને શું પ્રશ્ન કર્યો ?' સ્વામીએ કહ્યું, 'હું ફૂલોને પૂછવા ગયો હતો કે તમે સદા હસતાં કેમ રહો છો ?'

ગોરા અમલદારે પૂછ્યું, 'તો ફૂલો એ તમને શો જવાબ આપ્યો ?' સ્વામીએ હસતાં હસતાં કહ્યું, 'ફૂલો એ મને કહ્યું કે અમારામાં સુગંધ અને મધુરતા ભરેલાં છે એટલે.'

# રમજાન અને પુરુષોત્તમ માસનો પવિત્ર સંયોગ

**તંત્રીસ્થાનેથી...**

ભારતમાં સનાતન હિંદુ ધર્મ અને ઈસ્લામનાં પર્વો કયારેક એવા ગૂંથાઈ જાય છે કે બેઉ ધર્મોના અનુયાયીઓ માટે તપ અને તિતિક્ષાનો કેટલો ઊંડો મહિમા છે એનો અંદાજ આવ્યા વિના નહીં રહે. કયારેક પવિત્ર શ્રાવણ માસ સાથે મુસ્લિમ ભાઈઓના રમજાનનો યોગ થાય છે, કયારેક ઈદ અને દિવાળીનો સમન્વય સધાય છે. હા, કયારેક બલિદાનનું બકરી ઈદ પર્વ અને વિશુદ્ધ અહિંસાની ઉપાસનાનું પર્યુષણ પર્વ પણ એક સાથે આવી જતું હોય છે. આનું કારણ છે આપણી વિશિષ્ટ કાલગણના. હિંદુ પંચાગ એ ચંદ્ર અને સૂર્યનો સમન્વય કરનારી કાલગણના પર આધારિત છે. તેથી એમનો મહિનો ૨૭-૨૮ દિવસનો કે બહુ બહુ તો ૨૯ હોય છે. જયારે સૌર ગણના મુજબનું હિંદુ વર્ષ ૩૬૦ દિવસનું હોય છે, જેને અદ્દલ ૩૬૫ ¹/₄ દિવસના સૌર વર્ષમાં ફેરવવા માટે દર ત્રણ વર્ષે એક મહિનો ઉમેરી આ હેતુ સિદ્ધ કરવામાં આવે છે. આ રીતે ઉમેરાતા માસને 'મલ માસ' કે 'અધિક માસ' જેવાં નામો અપાયેલ છે. અધિક એટલે વધારાનો. તેથી આ માસમાં શુભ કાર્યો વર્જિત ગણાયાં છે. ભગવાને એનો મહિમા વધારવા એને પુરુષોત્તમ માસ જેવું શ્રેષ્ઠ નામ આપ્યું અને આ માસમાં કરેલ તીર્થયાત્રા કે આરાધનાનું ત્વરિત તેમજ અનેક ગણું ફળ મળશે એવું વરદાન આપ્યું. ગ્રેગરિયન કૅલેન્ડર મુજબના સૌર વર્ષમાં ૩૬૫ ¹/₄ દિવસનું વર્ષ હોય છે, જેની સાથે હિંદુ કૅલેન્ડર આધારિત ચંદ્ર-સૂર્યની સંયુક્ત ગણતરી પર બનાવેલ પંચાગ દર ઓગણીસ વર્ષે એક જ તિથિ અને એક જ તારીખ આવે છે. મુસ્લિમ વર્ષ ચાંદ ગણિત પર આધારિત હોઈ એનો પવિત્ર રમજાન માસ કયારેક શિયાળામાં, કયારેક ઉનાળામાં તો કયારેક ચોમાસામાં આવે છે. એ જ રીતે હિંદુ પંચાગને ગ્રેગરિયન સૌર વર્ષ સાથે સાંકળવા માટેની વિશિષ્ટ વ્યવસ્થા સ્વરુપે આપણો અધિક પુરુષોત્તમ માસ પણ દર અઢી વર્ષે ઉમેરાતો હોઈ બદલાતો રહે છે. આ વખતે અધિક અને રમજાનનો સુયોગ સધાયો છે. બેઉ તપ અને સંયમના માસ છે. બેઉ ધર્મોના અનુયાયીઓ આ મહિના દરમિયાન સર્વશક્તિમાન પરમાત્માની ભક્તિ અને આરાધનામાં વ્યસ્ત રહેશે. મુસ્લિમો માટે રમજાન ઈદ એ હિંદુઓની દીપાવલી જેવું પર્વ છે. કાશ્મીરમાં આતંકવાદીઓના સફાયામાં વ્યસ્ત દેશની સેનાને પણ ઈસ્લામના આ પવિત્ર પર્વનો મહિમા અને ઈજ્જત કરેલ છે. બેઉ પ્રજાઓ હિંદુસ્તાનની ગંગા-જમના સંસ્કૃતિનો જ પુરસ્કાર કરે અને એકબીજા સાથે ભાઈચારા તથા કોમી એખલાસથી રહે તો આવા પવિત્ર મહિનાઓની ઊજવણી સાર્થક ગણાશે.

# જેમની સેવા કરવી હોય એના ખભેથી ઉતરવું એ સ્વરાજનું પહેલું પગથિયું



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

એક તરફ ગાંધીજી ચંપારણમાં ખેડૂતો પર પડેલા ગળીના ડાઘને નિર્મૂળ કરવા માટે શિક્ષણને પણ સામેલ કરવા માગતા હતા તો બીજી તરફ તેમના લંડનમાં જોડાયેલા સાથીઓ કે જેઓ મોટાભાગના વકીલ બાબુઓ હતા તેમની રહેણીકરણી સાવ જ જુદી હતી. આ બધા બાબુઓ સરળ અને ભાવનાશાળી હતા પરંતુ એમની સાહેબશાહી ગાંધીજીને ખૂંચતી હતી. ઘણા ખરા વકીલો લડતમાં જોડાયા હતા પરંતુ તેઓ પોતાની સાથે પોતાના રસોઈયા અને નોકરો લાવ્યા હતા. દરેકનું રસોડું જૂદું ચાલતું હતું. પોતાના ખર્ચે જ તેમનું રસોડું ચાલતુ હતું. જમવાનો પણ કોઈ ચોક્કસ સમય ન હતો. નોકર ચાકર તેમના હુક્કા ભરી આપે અને રાતે પગચંપી પણ કરે. ગાંધી બાપુએ વકીલ મિત્રોને રહેણીકરણી બદલવા સમજાવ્યા. ખેડૂતોને નીલવરોના પંજામાંથી અને અંગ્રેજ સલ્તનતની પરાધીનતામાંથી કાયમને માટે મુક્ત કરવા હોય તો પ્રજાના હૃદયમાં પ્રવેશ કરવો જોઈએ. એટલે તેમના જેવું સાદું જીવન જીવવું પડે. ગાંધીજી પ્રત્યેના પ્રેમને કારણ બધા તરત સંમત થઈ ગયા અને એક જ રસોડે તમામ નિરામિષ આહાર લેવા કબૂલ થયા. ગાંધીજીએ માત્ર શુદ્ધ શાહાકારી ભોજન એક જ રસોડે લેવાનું શરૂ કરાવ્યું એટલું જ નહીં પણ જેમની સેવા કરવી હોય તેમના ખભા ઉપરથી ઉતરી જવું એ સ્વરાજનું પહેલું પગથિયું તમામને ચડાવી દેવું દીધું.

ગાંધીજીએ એક જ રસોડે નિશ્ચિત સમયે અને સંપૂર્ણ નિરામિષ ભોજન રાષ્ટ્ર કરાવીને ખર્ચમાં તો ઘણો ફાયદો મેળવ્યો સાથે સાથે કામ કરવાની શક્તિ અને સમય પણ બચાવ્યો ઉપરાંત સૌથી મોટી બાબત એ હતી કે બધા નાત-જાતને ધર્મના ભેદભૂલીને એક પંગતમાં બેસીને જમતા ભારતીય બન્યા હતા. બાપુ આશ્રમની ઢબનું રસોડું ચલાવવામાં સફળ થયા. કસ્તૂરબાએ આ રસોડું ચલાવવાની

**મહાદેવ દેસાઈનો ગાંધીના આકરાપણાનો પહેલો અને છેલ્લો અનુભવ થયો**

જવાબદારી સ્વીકારી લીધી હતી. ગાંધીજી ગળાબૂડ કામમાં હોવા છતાં નિયમિત રીતે રસોડા કાર્યમાં મદદ કરતા હતા. એ જ સમયમાં મુંબઈમાં મોટા પગારની નોકરી છોડીને મહાદેવભાઈ દેસાઈ બાપુ પાસે દેશસેવા માટે આવી ગયા હતા. ચંપારણમાં ગાંધીજીને અનેક નવા સાથીઓ સ્થાનિક બિહારમાંથી મળ્યા હતા તો મહાદેવ દેસાઈ જેવા યુવાન પણ તેમને મળ્યા હતા. જેઓ આજીવન ગાંધી સાથે જ રહી ગયા હતા.

૨૫ વર્ષના મહાદેવ દેસાઈના મોતીના દાણા જેવા હસ્તાક્ષર, સુંદર ભાષા અને લેખનશૈલી ઉપર ગાંધીજી મુગ્ધ બન્યા હતા. આથી અંગત મંત્રી તરીકે તેમને કામ કરવા બોલાવ્યા હતા. મહાદેવભાઈના મનમાં પણ ગાંધીજીના મંત્રી તરીકે કામ કરવાની હોંશ હતી પરંતુ ચંપારણમાં વાતાવરણ સાવ જુદું હતું. આથી ગાંધીએ તેમને મીઠો આવકાર આપતા કહ્યું કે 'હમણાં તમારી પાસે મારે મંત્રી તરીકેનું કામ લેવાનું નથી. અમે છાવણીનું એક રસોડું બનાવ્યું છે. બા એ એની જવાબદારી સંભાળી છે. આપણે તેમાં મદદ કરવાની છે.'

મહાદેવ તો આત્મા બનીને સાંભળી જ રહ્યા. કારણ કે એ જમાનામાં ડૉકટર, વકીલ, ન્યાયાધીશ, પ્રોફેસર વગેરે સુશિક્ષિત ગણાતા લોકો અન્ય પાસેથી સેવા લેતા હતા. સેવા દેવાની વાત તો કયાંક હતી જ નહીં. આ સુશિક્ષિત લોકો પોતાને પીવું હોય તો પણ પાણીનો ગ્લાસ જાતે ભરતા નહીં. પોતાના માટે પણ જો આવું કામ કરવું પડે તો એને તેઓ શરમરૂપ અને નાનમનું કામ ગણાતા હતા. સુશિક્ષિત લોકોને કશું ઘરકામ આવડતું જ નહીં અને ઘર કામ બાબતે સમજ પણ હતી નહીં. આથી, બાપુની સૂચનાથી મહાદેવ બરાબરના મૂંઝાયા. પણ ગાંધીજીએ મુંઝવણને કળી લીધી અને તેમને કહ્યું : 'ચાલો, આપણે રસોડામાં જઈએ.'

રસોડામાં લઈ જઈને તેમને અને બા એ મહાદેવે લોટ બાંધતા, રોટલી વણતાં ને ચોડવતા, બધું પ્રેમથી શીખવ્યું. મહાદેવભાઈને પણ આ રીતના ઘરકામ શીખવામાં મજા આવી. એક વાર બાપુએ મહાદેવને લોટ બાંધવાનું કામ સોંપીને ન્હાવા ગયા. પાછા આવીને બાપુએ જોયું તો મહાદેવભાઈએ બીજા પાસે લોટ બંધાવેલો ! એને માટે બાપુએ મહાદેવને આકરો ઠપકો આપ્યો. બાપુએ પ્રેમ જ પામેલા મહાદેવને પહેલીવહેલી વાર તેમના આકરાપણાનો અનુભવ થયો. તેઓ રડસમ થઈ ગયા.

બાપુએ તરત જ સૂચના છોડી : 'ચાલો હવે રોટલી વણવા માંડો, તમારા હસ્તાક્ષર જેવી જ સુંદર ગોળાકાર થવી જોઈએ.'

બાપુના પ્રેમબાણે વીંધાયેલા મહાદેવે આંખમાં અવિરત જળજળીયા સાથે અને ધ્રુજતા હાથે વાંકીચૂકી અને કાચીપાકી રોટલીઓ ઘડી. મહાદવે બનાવેલી એવી રોટલી એ દિવસે ગાંધીજીએ જ લીધી. ગાંધીજી અને મહાદેવના સંબંધો એટલે માણસ નામે મહાત્મા અને એ માનસના પુત્રના આજીવન સંબંધોનું પ્રતીક છે. ગાંધીના આકરા વેણ મહાદેવભાઈએ ચંપારણના રસોડા કાર્યમાં પહેલી અને છેલ્લીવાર જ સાંભળ્યા એ પછી મહાદેવને ટપારવા પડે એવું કોઈ કામ મહાદેવભાઈએ કયારેય કર્યું જ નહીં.

**અનુસંધાન પાના નં ૭ પર**

# હીમાલયની દ્રઢતા અને પુષ્પની કોમળતા : પ્રાધ્યાપક પુરુષોત્તમ ગણેશ માવળંકર



**ક્ષણના ચણીબોર**


વી. એસ. ગઢવી

ભારતની લોકસભાનું ચિત્ર એ સમયે જુદું હતું. (૧૯૭૫) ઘણાં સુખ્યાત રાજકીય નેતાઓની લોકસભામાં ગેરહાજરી હતી. ''જયપ્રકાશ નારાયણ'' જેવા એક તેજપુંજની વ્યાપક તથા ઊંડી અસર તેઓ જેલમાં હોવા છતાં જનમાનસ ઉપર છવાયેલી હતી. કેન્દ્ર સરકાર કેટલાક બંધારણીય સુધારાઓની દરખાસ્ત લોકસભામાં પસાર કરાવવા માંગતી હતી. આવી દરખાસ્ત લોકસભાના હાજર રહેલા સભ્યોની સર્વાનુમતિથી થાય તેવા સંજોગો હતા. સરકારની પણ આવીજ મહેચ્છા હતી. દરખાસ્ત લોકસભામાં મતદાન માટે રજૂ થઈ ત્યારે ચોક્કસ વિચાર તથા તર્ક સાથે 'ના' કહેનાર એકમાત્ર સાંસદ ગુજરાતના હતા તેની નોંધ દેશ તથા દુનિયાના માધ્યમોએ લીધી. ફરી એક વખત મહાભારતના વિકર્ણની સત્ય કહેવાની શક્તિનું જીવંત દર્શન સાબરમતીના એક પનોતા પુત્રએ કરાવ્યું તે એક ભૂંસી ન શકાય તેવી ઉજ્વળ ઘટના હતી. 'ના' કહેવાનો પણ એક મત છે તેની પ્રતિતિ કરાવનાર પુ. ગ. માવળંકરની સ્મૃતિ ગુજરાત રાજ્યની સ્થાપના પર્વના આ માસમાં થાય છે. કવિ ઉમાશંકર જોશીની સત્યની આંખે ભાળવાની કસોટીમાંથી આ સાંસદ પાર ઉતર્યા હતા. માવળંકર સાહેબે ગાંધીની કેડીએ નિર્ભયતાથી ડગ માંડ્યા હતા.

ગાંધીને પગલે પગલે
તું ચાલીશને ગુજરાત ?
સત્ય અહિંસાની આંખે
તું ભાળીશને ગુજરાત ?

ભારતની લોકસભાના પહેલા સ્પીકર ગણેશ વાસુદેવ માવળંકરના ઉજળા સંસ્કારનું આબેહૂબ દર્શન તેમના હોનહાર પુત્ર પુરુષોત્તમ માવળંકરના જીવનમાં થતું જોવા મળ્યું. મહારાષ્ટ્રનું આ સુવિખ્યાત કુટુંબ 'સવાઈ ગુજરાતી' થઈને પ્રજાજીવનમાં ભળી ગયું તે એક ગૌરવશાળી ઘટના છે.

માવળંકર સાહેબના ઘડતરમાં તેમના માતા-પિતા ઉપરાંત કુટુંબના અનેક વડીલ સભ્યોનો ફાળો છે. તેમના દાદીને બધા પુત્રોમાં આ પુત્ર માટે વિશેષ લગાવ હતો તેમ નોંધાયું છે. સી. એન. વિદ્યાવિહાર જેવી ઉત્તમ શૈક્ષણિક સંસ્થા તથા સંસ્કારમૂર્તિ સમાન ઝીણાભાઈ દેસાઈની અમી નજર હેઠળ માવળંકર સાહેબનું સ્વસ્થ તથા સમતોલ ઘડતર થયું હતું. માવળંકર સાહેબે જે ક્ષેત્રમાં કામ કર્યું ત્યાં પોતાની વિશિષ્ટ છબી ઉપજાવી હતી.



પ્રાધ્યાપક પુ. ગ. માવળંકર જન્મજાત શિક્ષક હતા. અમદાવાદની એલ. ડી. આર્ટસ કોલેજમાં તેમની શૈક્ષણિક સેવાઓ યાદગાર રહી. આ અધ્યાપક શૈક્ષણિક કાર્યને પૂર્ણ રીતે સમર્પિત હતા. તેઓ એલ.ડી.માં હતા તે સમયની બનેલી એક ઘટના માવળંકર સાહેબની શિક્ષણ કાર્ય તરફની નિષ્ઠા તેમજ નિર્ભયતાનું દર્શન કરાવે છે. એલ. ડી. આર્ટસ કોલેજ પ્રાધ્યાપક માવળંકરના પ્રયાસો તથા સૂચનથી પૂરા દિવસની એટલે કે ડે-કોલેજ તરીકે ચાલતી હતી. પાંચ વર્ષ માટે તેને દિવસની કોલેજ તરીકે ચલાવવાનું નક્કી પણ થયેલું હતું. આ સ્થિતિ હોવા છતાં ૧૯૬૮માં કોલેજના સંચાલક મંડળે કોલેજને ફરી સવારના સમયમાં ચલાવવાનું નક્કી કર્યું. આ ઉપરાંત કોલેજના સંચાલનને લગતા કેટલાક મહત્વના નિર્ણયો સંચાલક મંડળે લીધા. આ નિર્ણય લેવાયો ત્યારે માવળંકર વિદેશ પ્રવાસમાં હતા. આ રીતે આચાર્યની ગેરહાજરીમાં તથા તેમની સાથે ચર્ચા-વિચારણા કર્યા સિવાય આ નિર્ણય કરવામાં આવ્યો. માવળંકર સાહેબે વિદેશ પ્રવાસેથી પાછા આવીને આ બાબત જોઈ. માવળંકર સાહેબની દ્રઢ માન્યતા હતી કે કોલેજના શૈક્ષણિક નિર્ણયોમાં આચાર્યનો મત ધ્યાનમાં લેવાવો જોઈએ. આ કિસ્સામાં તેમ થયું ન હતું. તેમના આગ્રહથી કોલેજના શૈક્ષણિક કાર્યનો જે સમય ફેરફાર થયો હતો તે નિર્ણય પણ ઉલટાવી દેવામાં આવ્યો હતો. મુંગા મોઢે સંચાલકોનો નિર્ણય સ્વીકારી લે તેવા આચાર્ય માવળંકર ન હતા. સંસ્થાના ચેરમેને આ નિર્ણયની પુનઃ વિચારણા કરવાની વાત માન્ય ન રાખી. બીજા કોઈ આચાર્ય હોત તો આવું અપમાન કદાચ ગળી ગયા હોત. પરંતુ માવળંકર સાહેબે કોલેજના આચાર્યપદેથી રાજીનામું આપ્યું. આચાર્યના સ્વમાન સાથે કોઈ ચેડા થાય તે વાત આ સરસ્વતીના આજીવન ઉપાસકને માન્ય ન હતી. જે કોલેજની સ્થાપનામાં પોતાના પિતા ગણેશ માવળંકરનું મહત્વનું યોગદાન હતું તે સંસ્થા સાથે ક્ષણનાયે વિલંબ સિવાય પ્રાધ્યાપક માવળંકરે છેડો ફાડ્યો. તેમણે આ બાબતમાં ગ્લાનિ જરૂર અનુભવી પરંતુ કોઈ બાંધછોડ કરી નહિ. કોલેજ સાથેના લગભગ અઢી દાયકાના નાતાને સાપ કાંચળી ઉતારે તેવી સહજતાથી ઉતારી નાખ્યો. ''એકલો જાને રે'' નો અંતર સાદ પારખવામાં માવળંકર કદી પાછા પડ્યા નથી. આજે જ્યારે શૈક્ષણિક સંસ્થાઓના મૂલ્યોના ધોરણોમાં નિરાશાજનક ધોવાણ અનેક કિસ્સાઓમાં જોવા મળે છે ત્યારે માવળંકર સાહેબનો આ કિસ્સો આપણાં ઉજળા શૈક્ષણિક મૂલ્યોની યાદ અપાવે છે. મહાવિદ્યાલયોના મકાનો તથા સવલતો વધી છે પરંતુ શિક્ષણની ગુણવત્તાનો પડકાર વ્યાપક બન્યો છે તેમ સ્વીકારવું પડે તેવી સ્થિતિ છે. પ્રાધ્યાપકો તેમજ સંચાલકોમાં માવળંકરોની નિષ્ઠા પુનઃ જાગૃત થાય તોજ શૈક્ષણિક ગુણવત્તાનો પ્રશ્ન આપણે ઉકેલી શકીએ. અમદાવાદ તથા ગુજરાતે પુ. ગ. માવળંકર, પ્રોફેસર ફીરોઝ દાવર કે ધીરૂભાઈ ઠાકર જેવા અધ્યાપકોને સ્મરણમાં રાખીને અધ્યાપકો માટેના ધોરણ ફરી નક્કી કરવા પડશે. સ્વતંત્ર રીતે શૈક્ષણિક કાર્ય કરવાની મોકળાશ પણ આવા અધ્યાપકોને આપવી પડશે. સારા અધ્યાપકો સિવાય સક્ષમ ભાવી પેઢીઓનું નિર્માણ કરવું મુશ્કેલ છે.

સતત અધ્યયન કરતા રહેવાની મહેચ્છામાંથી ૧૯૫૪માં માવળંકર સાહેબે હેરલ્ડ લાસ્કી ઈન્સ્ટીટ્યૂટની સ્થાપના કરી અધ્યયન તથા અધ્યાપનનો એક અનોખો આનંદ હોય છે તેમ તેઓ હમેશા કહેતા હતા. લગભગ સાડા ચાર દાયકા સુધી હેરલ્ડ લાસ્કી ઈન્સ્ટીટ્યૂટની પ્રવૃત્તિ ચાલુ રહી. આવી સંસ્થા અમદાવાદમાં ચલાવવામાં આવે છે તેની નોંધ લઈને પંડિત જવાહરલાલ નહેરુએ પોતાની શુભેચ્છાઓ પત્ર લખીને પાઠવી હતી. અધ્યયન કાર્યની આવી સુચારુ વ્યવસ્થા એ અમદાવાદના ગૌરવ સમાન હતી.

અમદાવાદના આ અપક્ષ સાંસદે પોતાના વિચારો લોકસભામાં તેમજ લોકસભાની બહાર નિર્ભયતાથી વ્યક્ત કર્યા. ઈન્દુચાચા પછી તેમનીજ અમદાવાદની બેઠક પરથી લોકસભાના એક સક્રિય સભ્ય તરીકે તેમણે લોક લાગણીને સંસદ ભવનમાં વાચા આપી ૧૪મી માર્ચ-૨૦૦૨ના દિવસે તેઓ ચિર પ્રયાણ કરી ગયા પરંતુ એક અનોખી સુગંધ પ્રસરાવીને ગયા.

# ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા 'શબ્દયાત્રા' અંતર્ગત 'સાબરનો ગોઠિયો' કાર્યક્રમ યોજાયો



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગરવી ગુર્જરધરાના પનોતા ગુજરાતી સાહિત્યના સંવર્ધન તથા પ્રચાર-પ્રસાર સારું અને આ ગુજરાતી સાહિત્ય અન્યભાષાઓની સાથે આગવી ઓળખ ઊભી કરી; મધમધતું - મહેકતું અને ધબકતું રહે તે માટે; ગાંધીનગર સાહિત્યસભા દ્વારા યોજવામાં આવતા કાર્યક્રમો અંતર્ગત તા. ૧૩-૫-૨૦૧૮ને રવિવારના રોજ, નમન એપાર્ટમેન્ટ, સે.૨૧ ખાતે ગાંધીનગરના પૂર્વપ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીના અધ્યક્ષસ્થાને 'હિન્દી - ગુજરાતી કવિઓની કાવ્યગોષ્ઠિ' નો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ગુજરાતી કવિઓ નટવર હેડાઉ (પ્રમુખ), ભાનુપ્રસાદ પુરાણી (પૂર્વ પ્રમુખ), રમણલાલ શ્રીમાળી, પ્રતાપસિંહ ડાભી, સુમંત શાહ, બાબુલાલ ગઢવી, ભરત પાઠક, ગુલાબચંદ પટેલ તથા સંજય થોરાત (ઉપપ્રમુખ)એ પોતાની સ્વરચિત રચનાઓની રસલ્હાણ કરી હતી જયારે હિન્દી ભાષાના કવિઓ ડૉ. ભાગ્યા ખામોશ, દિલીપકુમાર મેવાડા, દિનેશકુમાર વશિષ્ઠ, જીતેન્દ્રસિંહ ચૌહાણ, 'સાહિત્યલોક'ના પ્રમુખ અશ્વિનકુમાર પાંડે એ સ્વરચિત હિન્દી રચનાઓ રજૂ કરી, સર્વેને રસતરબોળ કરી દીધા હતા. સમગ્ર કાર્યક્રમનું સુપેરે સંચાલન નરપત આસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રમુખ નટવર હેડાઉ અને સભાધ્યક્ષ ભાનુપ્રસાદ પુરાણીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

● અમદાવાદની ગર્વ. આર્ટસ કૉલેજ અને શ્રી કે.કા. શાસ્ત્રી શૈક્ષણિક સંકુલના ઉપક્રમે, ગુજરાત સાહિત્ય ગુજરાતી લેખન શુદ્ધિ અને ભાષાકીય કૌશલ્યની આંતરરાષ્ટ્રીય કાર્યશાળા યોજાઈ ગઈ. ડૉ. ઉર્મિ દેસાઈ, ડૉ. અરવિંદ ભંડારી, ડૉ. હેમંત દવે, ઉપાકાન્ત રાજ્યગુરુ, વજેસિંહ પારગી, અજિત મકવાણા પ્રો. નિસર્ગ આહિર વિગેરેએ આ બાબત પોતાના વિચારો રજૂ કરી સર્વેને લેખનશુદ્ધિ અને ભાષાકૌશલ્ય વિસ્તૃત માહિતી આપી હતી.

● સુરતની એમ.ટી.બી. આર્ટસ કૉલેજ અને રાષ્ટ્રીય જનજાતીય વિશ્વવિદ્યાલય, અમરકંટક (મધ્યપ્રદેશ)ના સંયુક્ત ઉપક્રમે 'ભારતીય આદિવાસી સાહિત્ય' વિશે બે દિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજાઈ ગયો. જેના ઉદ્ઘાટક હિન્દી ભાષાનાં જાણીતા કવયિત્રી નિર્મલા પુત્તુલ ઉપસ્થિત રહ્યા હતા. અમરકંટક યુનિ.ના ભાષાકેન્દ્રના નિયામક ડૉ. દિલીપસિંહે બીજરુપ વકતવ્ય આપ્યું હતું. તેમને જણાવ્યું હતું કે, આદિવાસીઓની મૌખિક પરંપરાના સાહિત્યને કહેવાતી મુખ્યધારાના સંદર્ભમાં મૂલવવાને બદલે, આ માટે આદિવાસી સંલગ્ન દ્રષ્ટિ કેળવવી પડશે. ઉદ્ઘાટક નિર્મલા પુત્તુલે આદિવાસી સાહિત્યની નિર્મળતાને ટકાવી રાખવાની ચિંતા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમની વિવિધ બેઠકોમાં વિવિધ વિદ્વાનોએ પોતાના અભ્યાસલેખો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન - સંયોજન એમ.ટી. બી. આર્ટસ કૉલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. મધુકર પાડવીએ કર્યું હતું.

● આદિવાસી પત્રકારત્વ અને સર્જનાત્મક લેખકનું ક્ષેત્રે વિકસે તથા આદિવાસી અભિવ્યક્તિને ધાર કાઢવા તેમજ તેને દિશા અને માર્ગદર્શન મળી રહે તેવા આશયથી આદિવાસી પત્રકાર - સંશોધન - સર્જન વિશે એકદિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ છે; જેમાં ભાગ લેવા આદિવાસી લેખન-સર્જન ક્ષેત્રે કાર્યરત સૌને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. પરિસંવાદના ભાગરૂપ બેઠક માટે આદિવાસી બાબત વિષયક કોઈ પણ લેખ, સમાચાર, ચરિત્ર, નિબંધ, સંશોધનપત્ર લઈને હાજર રહેવું આવશ્યક છે. આ પરિસંવાદમાં ભાગ લેવા ઈચ્છુક સહુ તા. ૩૦મી જૂન, ૨૦૧૮ સુધીમાં ઈ-મેલ અથવા તો મો.નં.૯૭૨૬૫૬૮૪૦૯ પર રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે. આ કાર્યક્રમમાં તા. ૮મી જુલાઈ, ૨૦૧૮ ને રવિવારના રોજ સવારે ૮.૩૦ થી સાંજના ૫.૩૦ દરમિયાન, આદિલોક કાર્યલય, પ્રેમલ જયોતિ, કેમ્પસ, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ સામે, નવરંગપુરા, અમદાવાદ ખાતે યોજાશે.

● પ્રખર રેશનાલિસ્ટ જયંતિ પટેલ કૃત નવલકથા 'અનવરત'નું વિમોશન અને લોકાર્પણ તા. ૧૨-૦૫-૨૦૧૮ ના રોજ, ખેતભવન, અમદાવાદ ખાતે થયું. જેની આભારવિધિ ઈન્દ્રકુમાર જાનીએ કરી હતી. જયારે મુક્યવક્તા તરીકે ડૉ. નીરવ પટેલ ઉપસ્થિતિ રહ્યા હતા. સરૂપ ધ્રુવ, મનીષી જાની અને સોફિયા ખાતે પ્રાસંગિક વકતવ્યો આપ્યા હતા.

● સ્વ. ભાનુભાઈ શુક્લ ટ્રસ્ટ, સુરેન્દ્રનગરના ઉપક્રમે 'સુરેન્દ્રનગરનું સોનું' ચંદ્રકના પાંચ વિજેતાઓના ચંદ્રકો અર્પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સાહિત્યકાર ગિરીશ ભટ્ટને ચંદ્રક, ૨૦ હજારની ધનરાશિ અને પ્રમાણપત્રથી સન્માન કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભાનુભાઈ શુક્લના અમેરિકા સ્થિત સુપુત્ર રાહુલ શુક્લ અમેરિકાથી સપરિવાર પધાર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા હાસ્ય કલાકાર ડૉ. જગદીશ ત્રિવેદીએ કર્યું હતું.

● કિડનીના દર્દીના સંવેદનાને વ્યક્ત કરતી યોગેશ ન જોશીની નવલકથા 'પચાસમે પગથિયે' ના વિમોચન અને લોકાર્પણ કાર્યક્રમ તા. ૧-૪-૨૦૧૮ના રોજ ઝવેરચંદ મેઘાણી ઑડિટોરિયમ, ભાવનગર ખાતે, સુમન શાહ, માધવ રામાનુજ, વિનોદ જોશી, હરિશ્ચંદ્ર જોશી અને માય ડિયર જ્યુની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. લેખકે પ્રથમ દિવસના પુસ્તક વેચાણના તમામ આવક કિડનીના દર્દીઓને અર્પણ કરી હતી.

● શ્રી ભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાન શ્રેણી અંતર્ગત ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક અનામિક શાહે 'આધુનિક ઔષધોની રસપ્રદ કુળકથા' વિષે તા. ૧૪-૦૩-૨૦૧૮ ના રોજ માહિતીપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું.

● ગુજરાત પુસ્તક પરબ, વડોદરા અને 'સંવાદ' અમરેલી આયોજિત જિલ્લાના સાહિત્યકારો - ભાવકોનું સ્નેહમિલન 'હેતની હેલી' તા. ૧૮-૩-૨૦૧૮ના રોજ, અમરેલી ખાતે ગુજરાતના ખ્યાતનામ સાહિત્યકારો, શિક્ષણવિદો અને કર્મશીલોની ઉપસ્થિતિમાં ઉષ્માસભર માહોલમાં યોજાયું.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા 'શબ્દયાત્રા' અંતર્ગત 'સાબરનો ગોઠિયો' કાર્યક્રમ હિંમતનગર ખાતે યોજાઈ ગયો. જેમાં રમેસ પટેલ 'ક્ષ'ના સંચાલનમાં ઈસુ ગઢવી, આબિદ ભટ્ટ, પ્રતાપસિંહ રાઠોડ 'સારસ્વત', ભગીરથ બ્રહ્મભટ્ટ, અશોકપુરી ગોસ્વામી, અનંત રાઠોડ અને રવિ દવેએ સ્વરચિત કાવ્યોનું સ્વમુખે પઠન કર્યું હતું.

muljibhaidadhi@gmail.com